(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

SURAT - HO (ઉધના) (SOSYO CIRCLE)
Shree Arc, Opp. Shanidev Temple, Sosyo Circle, Udhna-Magdalla Road, Surat. Contact : 7046633255.

VARACHHA સુરત 70464 16555 | VYARA વ્યારા 90998 64658 | NAVSARI નવસારી 70466 41555

# તલાટી / જુનિયર ક્લાર્ક

# Mock Test - 1

ઉમેદવારનો બેઠક નંબર : 

સમય : 1 કલાક | કુલ પ્રશ્નો : 100 | કુલ ગુણ : 100

**સૂચના ન મળે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં**

## ઉમેદવાર માટે સૂચના

1. આ પ્રશ્નપત્રમાં કુલ 200 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે અને ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેના માટે વિકલ્પ E OMR ઉત્તરપત્રમાં આપેલ છે. તમારે બધા પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે. તમારે આ સાથે અલગ OMR ઉત્તરપત્રમાં જ ઉત્તર આપવાના છે.
2. 1 થી 200 પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ ? તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય (Missing) તો તુરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી.
3. આ પ્રશ્નપત્રના બધા પ્રશ્નો હેતુલક્ષી છે. દરેક પ્રશ્ના ઉત્તરમાં A,B,C,D વિકલ્પો આપેલા છે. OMR જવાબવહીમાં E વિકલ્પ છે. E વિકલ્પ 'Not Attempted' અંગેનો રહેશે. જે ઉમેદવાર પ્રશ્નનો જવાબ આપવા ન ઈચ્છતા હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે. અને 'Not Attempted' વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કિંગ લાગુ પડશે નહીં. તેથી ઉમેદવારે સાચો વિકલ્પ શોધી જવાબવહી (OMR Answer Sheet) માં સંબંધિત પ્રશ્નના ક્રમ સામે આપેલ A,B,C, D કે E ના વર્તુળને પૂરેપૂરું ભૂરી / કાળી શાહીની બોલપેનથી ડાર્ક કરવું.
   આ સિવાયની કોઈપણ કલરની સાહીની બોલપેનથી જવાબો આપ્યા હશે તો તે જવાબવહી તપાસવામાં આવશે નહીં અને આપોઆપ 'શૂન્ય' ગુણ આપવામાં આવશે. એકવાર ડાર્ક કરેલ જવાબને બદલી શકાશે નહીં.
   ઉદાહરણ તરીકે :
   ➢ **ભારતના પ્રથમ કાર્યકારી વડાપ્રધાન કોણ હતા ?**
   (A) અટલ બિહારી બાજપાઈ (B) આઈ. કે. ગુજરાલ
   (C) ગુલઝારીલાલ નંદા (D) શ્રીમતી ઈન્દીરા ગાંધી
   ✓ CORRECT METHOD : Ⓐ Ⓑ ● Ⓓ
   × WRONG METHOD : ⊗ ◉ ⊜ ✓
4. પરીક્ષાર્થીને પરીક્ષા ખંડ/હોલમાં પ્રવેશપત્ર સિવાય કોઈપણ પ્રકારના હસ્તલિખિત, છાપેલા પુસ્તક કે કાગળની ચીઠ્ઠી, પેપર, મોબાઈલ-સેલફોન કે કોઈપણ પ્રકારના ઈલેક્ટ્રોનિક સાધનો લઈ જવાની કે ઉપયોગ કરવાની અનુમતિ નથી.
5. પ્રશ્નપુસ્તિકા ઉમેદવારને મળે કે તરત જ OMR ઉત્તરપત્રમાં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર નીચે સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે. તેમજ બેઠક નંબર નીચે આપેલ વર્તુળમાં પણ ડાર્ક (encode) કરવાના રહેશે.
6. પ્રત્યેક સાચા જવાબ દીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. ગુણાંકન પદ્ધતિમાં માઈનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી છે, જે મુજબ (1) પ્રત્યેક ખોટા જવાબ દીઠ, ખાલી જગ્યા છોડેલ જવાબ દીઠ તથા છેકછાક, એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબ દીઠ 0.3 માઈનસ ગુણ કાપવામાં આવશે. પરંતુ જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ (E) ડાર્ક કરશે તો 0.3 ગુણ કાપવામાં આવશે નહીં.
7. એક જ પ્રશ્ન માટે જો જવાબવહીમાં એકથી વધુ વિકલ્પ આપે આપેલા હશે તો તે જવાબ માટે ગુણ આપવામાં આવશે નહીં.
8. જવાબવહીમાં આપે નીચે પૈકીની કોઈ પણ ભૂલ કરેલ હશે તો આપની જવાબવહી તપાસવામાં આવશે નહીં અને શૂન્ય ગુણ આપવામાં આવશે તથા આવી ક્ષતિઓ બાબતે પાછળથી કોઈપણ પ્રકારની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં.
   (i) જવાબવહીમાં રફ કામ કરેલ હશે.
   (ii) જવાબવહીમાં ભરવાની કોઈપણ કોલમની વિગતોમાં કોઈ ભૂલ કરેલ હશે કે રોલ નંબર, પ્રશ્નપુસ્તિકા સિરીઝ અને પ્રશ્નપુસ્તિકા નંબર ખોટા લખેલ હશે કે ખોટા એન્કોડ (Encode) કરેલ હશે.
   (iii) જવાબવહીમાં થયેલ ભૂલો સુધારવા માટે કરેક્શન ઈન્ક, કરેક્શન ફ્લ્યૂડ, કરેક્શન પેન, ઈરેઝર કે બ્લેડનો ઉપયોગ કરેલ હશે.
   (iv) જવાબવહીમાં વિગતો ભૂરી/કાળી શાહીવાળી બોલપેન સિવાય અન્ય રીતે આપેલ હશે.
   (v) જવાબવહીમાં નિશાનીઓ/પ્રતિકો કરેલ હશે.
9. **નોંધ :** પરીક્ષા પુરી થયા બાદ OMR ઉત્તરપત્ર વર્ગ નિરીક્ષકને સોંપ્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. તેમજ ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મુકવામાં આવશે.

**001. 'મારે પણ એક ઘર હોય', ગાંઠ છૂટયાની વેળ, 'ખરી પડેલો ટહુકો', જેવી ઉત્તમ નવલકથાઓ કોની છે ?**
(A) કુંદનિકા કાપડિયા (B) ધીરુબહેન પટેલ (C) શરીફા વીજળીવાળા (D) વર્ષા અડાલજા

**002. ખાલી જગ્યામાં કઈ સંખ્યા આવશે ?**

| 2 | |
|---|---|
| 120 | 24 |

| 3 | |
|---|---|
| 120 | 36 |

| 5 | |
|---|---|
| | 20 |

(A) 7 (B) 40 (C) 21 (D) 28

**003. Translate the following sentence into English.**
**"અહીં આયાતી માલ વેચાય છે."**
(A) Imported goods sold here. (B) Imported goods were sold here.
(C) Imported goods is sold here. (D) Imported goods are sold here.

**004. 'ફડક' – શબ્દનો અર્થ જણાવો.**
(A) પહેરેલા કપડાનો ઝૂલતો છેડો (B) થાપોટ
(C) ખોટી–બનાવટી વાત (D) ડોકિયું કરવું

**005. જોડકા જોડો.**

| | |
|---|---|
| **(a) ચિદમ્બનાર પોર્ટ** | **(1) ઈન્નોર** |
| **(b) દિનદયાલ પોર્ટ** | **(2) નવી મુંબઈ** |
| **(c) જવાહર પોર્ટ** | **(3) તુતીકોરીન** |
| **(d) કામરાજ પોર્ટ** | **(4) કંડલા** |

(A) a-3 , b-4 , c-2 , d-1 (B) a-1 , b-3 , c-4 , d-2 (C) a-2 , b-1 , c-3 , d-4 (D) a-4 , b-2 , c-1 , d-3

**006. Select a single word for a given phrase/sentence"Science of origin of universe"**
(A) astronomy (B) astrology (C) cosmology (D) numerology

**007. P5Y, R7V, T10S, V14P _?__**
**ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ મૂકો :**
(A) Z180 (B) X 19 M (C) X 19 N (D) W 9 R

**008. રઘુવીર ચૌધરીને પ્રાપ્ત થયેલ એવોર્ડ સંબંધિત જોડકા જોડો.**

| પુરસ્કાર | કૃતિ |
|---|---|
| **(i) નર્મદ સુવર્ણ ચંદ્રક** | **(a) તિલક કરે રઘુવીર** |
| **(ii) દિલ્લી સાહિત્ય અકાદમી** | **(b) અમૃતા** |
| **(iii) જ્ઞાનપીઠ પુરસ્કાર** | **(c) ઉપરવાસ કથાત્રયી** |

(A) i – c, ii – a, iii – b (B) i – a, ii – c, iii – b (C) i – b, ii – a, iii – c (D) i – a, ii – b, iii – c

**009. જો $3x-5y=5$ અને $\frac{x}{x+y}=\frac{5}{7}$ તો $x-y$ની કિંમત શોધો.**
(A) 3 (B) 4 (C) 6 (D) 9

**010. 'દિગંત' શબ્દની સાચી સંધિ પસંદ કરો.**
(A) દિગ્ + અંત (B) દિગ + અંત (C) દિક્ + અંત (D) દીક્ + અન્ત

**011. કોષકેન્દ્ર દ્રવ્ય અને કોષરસ વચ્ચે દ્રવ્યોના વિનિમય માટે કઈ અંગિકા જવાબદાર છે?**
(A) કોષદિવાલ (B) કોષરસપટલ (C) કોષકેન્દ્રપટલ (D) કણાભસૂત્ર

**012. કવિ વિનોદ જોશીનું પૂરું નામ જણાવો.**
(A) વિનોદ પ્રબોધરાય જોશી (B) વિનોદ લાલજીભાઈ જોશી (C) વિનોદ ભૂષણલાલ જોશી (D) વિનોદ હરગોવિંદ જોશી

**013. The antonym of Abundant is**
(A) Needy (B) Difficult (C) Scarce (D) Plenty

**014. કવિ હરીન્દ્ર દવેની કૃતિ જણાવો.**
(A) ગાંધીની કાવડ (B) ગાંધીના ચશ્મા (C) ગાંધીની લાકડી (D) ગાંધીની લડાઈ

**015. શાસક અને તેના સુબાઓની યોગ્ય જોડકા જોડો.**

| શાસક | સુબાઓ |
|---|---|
| **(i) ચંદ્રગુપ્ત** | **(a) સુવિશાખ** |
| **(ii) અશોક** | **(b) તુષાષ્ફ** |
| **(iii) રૂદ્રદામા** | **(c) પૃષ્યગુપ્ત** |

(A) iii – a , ii – b , i – c (B) iii – b , ii – a , i – c (C) ii – c , iii – b , i – a (D) ii – c , iii – a , i – b

**016. અંકે થાંભલાની ત્રિજ્યા 20 સે.મી. છે અને ઉંચાઈ 10 મીટર છે તો 14 થાંભલા માટે કેટલા ઘનમીટર કોંક્રિટ જોઈએ?**
(A) 176 ઘનમીટર (B) 17.6 ઘનમીટર (C) 1.76 ઘનમીટર (D) 1760 ઘનમીટર

**017. ચરોતરના મેદાનની રચના નીચેના પૈકી કઈ નદીઓએ નિક્ષેપ કરેલા કાંપ દ્વારા થઈ છે ?**
**1. મહી** **2. વિશ્વામિત્રી** **3. શેઢી** **4. વાત્રક**
(A) ફકત 1 અને 2 (B) ફકત 2 અને 3 (C) ફકત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

**018. MS Word માં લખાણના ફોન્ટને મોટા કરવા માટે કયા વિકલ્પનો ઉપયોગ કરશો ?**
(A) Ctrl + Alt + '+' (B) Ctrl + Shift + '+' (C) Ctrl + Alt + > (D) Ctrl + Shift + >

**019. "________"જૈન મહાપરિષદના આયોજનમાં વલ્લભી ખાતે "________" નું વિશેષયોગદાન રહ્યું છે.**
(A) બીજીઅને ભદ્રાર્ક (B) બીજી અને ચંદ્રલેખા (C) પ્રથમ અને ચંદ્રલેખા (D) બીજી અને ધરસેન

**020. 'કાર્યક્રમ' – શબ્દની ધ્વનિશ્રેણી જણાવો.**
(A) ક્ + આ + ર્ + ય્ + અ + ક્ + અ + મ્
(B) ક્ + આ + ર્ + ય્ + અ + ક્ + ર્ + મ્
(C) ક્ + આ + ર્ + ય્ + અ + ક્ + ર્ + મ્ + અ
(D) ક્ + આ + ર્ + ય + અ + ક્ + ર્ + મ્

**021. સોલંકી વંશના રાજા અને તેની ઉપાધીઓના જોડકા જોડો.**
**(i) ભીમદેવ પ્રથમ** **(a) ભોળોભીમ**
**(ii) સિદ્ધરાજ** **(b) ગુજરાતનોઅશોક**
**(iii) કુમારપાળ** **(c) બાણાવાળી**
**(iv) ભીમદેવ બીજા** **(d) બર્બરક જિષ્ણું**
(A) i – c , ii – d, iii – b, iv – a
(B) i – a , ii – d, iii – b, iv – c
(C) i – c , ii – d, iii – a, iv – b
(D) i – a , ii – d, iii – c, iv – b

**022. Change the degree:**
**Ashoka was one of the greatest kings.**
(A) No other king was so great as Ashoka.
(B) Very few kings were as great as ashoka.
(C) Ashoka as greater than any other king.
(D) Some other kings were as greater as Ashoka.

**023. કુતુબુદ્દીન અહમદશાહનું મૂળનામ જણાવો.**
(A) ખલીલખાન (B) જલાલખાન (C) તાતારખાન (D) ફતેહખાન

**024. 72 લીટર દૂધ અને પાણીના મિશ્રણમાં પાણી ફકત 20% છે. દૂધવાળો આમાંથી 9 લીટર મિશ્રણ એક ગ્રાહકને આપે છે અને વધેલા મિશ્રણમાં 17 લીટર પાણી ઉમેરે છે. તો નવા મિશ્રણમાં દૂધની ટકાવારી કેટલી હશે?**
(A) 59% (B) 61% (C) 37% (D) 63%

**025. ઈ.સ. 1921માં ________ પંજાબના મોન્ટ ગોમરી જિલ્લામાં હડપ્પા અને ઈ.સ. 1922માં ________ સિંધના લારખાના જિલ્લામાં મોહેં–જો–દડોની શોધ કરી હતી.**
(A) આર.ડી.બેનર્જી અને દયારામ સહાની
(B) દયારામ સહાની અને આર.ડી.બેનર્જી
(C) દયારામ સહાની અને માધોસ્વરૂપ વત્સ
(D) આર.ડી.બેનર્જી અને એસ.આર.રાવ

**026. 'લીલાવતી' અને 'બીજગણિત' ગ્રંથો કયા ગણિતશાસ્ત્રીએ લખ્યાં હતા ?**
(A) આર્યભટ્ટ (B) બ્રહ્મગુપ્ત (C) ભાસ્કરાચાર્ય (D) વરાહમિહીર

**027. 1857ના સંગ્રામ સંબંધિત અયોગ્ય જોડ પસંદ કરો.**
(A) કાનપુરમાં → નાનાસાહેબ પેશ્વા
(B) લખનૌમાં → બેગમ હઝરત મહેલે
(C) બિહારમાં → જગદીશપુરના જાગીરદાર કૃષ્ણપાલસિંહ
(D) ગુજરાતમાં → ગરબડદાસ મુખી, જોધા માણેક, મુળુ માણેક

**028. Change the Voice : We have already done the exercise.**
(A) Already, the exercise has been done by us
(B) The exercise has already been done by us
(C) The exercise had been already done by us
(D) The exercise is already done by us

**029. મોહનલાલ કામેશ્વર પંડયાએ કોના પર બોમ્બ ફેંકયા હતા ?**
(A) વાઈસરોય મિન્ટો અને લેડી મિન્ટો
(B) કર્નલ વાયલી
(C) ન્યાયાધીશ કિંગ્સફર્ડ
(D) ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ આશો

**030. એક વ્યક્તિને રૂા.7000 માંથી કેટલીક રકમની વાર્ષિક 6% વ્યાજે લોન આપી અને બાકીની રકમની 4% વ્યાજે લોન આપી. બન્ને લોન પર પાંચ વર્ષે મળેલ વ્યાજ જો રૂા.1600 હોય તો તે વ્યક્તિએ 6% વ્યાજે કેટલી રકમની લોન આપી હશે?**
(A) રૂા.2500 (B) રૂા.2000 (C) રૂા.1500 (D) રૂા.1000

**031. ગુજરાતમાં ભરવાડણોનું ઊની વસ્ત્રનું નામ જણાવો.**
(A) લોબડી (B) પારેવઉ (C) ક્ષૌમ (D) ઈલાય

**032. પૃથ્વીનું ભૂ–ગર્ભ કયા નામે ઓળખાય છે ?**
(A) સાઈમા (B) સિયાલ (C) નિફે (D) મેન્ટલ

**033. વિશ્વનો પ્રથમ ભૂગોળવિદ્ કોણ છે ?**
(A) થેલ્સ (B) ઈબ્ન–બતૂતા (C) કાર્લ લિટર (D) ભાસ્કરાચાર્ય

**034. યોગ્ય જોડકાં જોડો.**

| **મેળા** | **તિથી** |
|---|---|
| **(i) મહાશિવરાત્રીનો મેળો** | **(a) ચૈત્ર સુદ પૂર્ણિમા** |
| **(ii) કાર્તિકી પૂર્ણિમાનો મેળો** | **(b) મહા વદ ચૌદસ** |
| **(iii) લીલી પરિક્રમા** | **(c) કારતક સુદ અગીયારસથી પૂનમ** |

(A) i – a, ii – b, iii – c (B) i – b, ii – c, iii – a (C) i – c, ii – a, iii – b (D) i – b, ii – a, iii – c

**035. Fill in the blank: We________ TV when it started to rain. (to watch)**

(A) are watching (B) were watching (C) shall be watching (D) is watching

**036. મલ્લક્કાની સામુદ્રધુની કોને જોડે છે ?**

(A) અંદમાન અને દક્ષિણચીન સાગર (B) મન્નાર અને બંગાળાની ખાડી
(C) એકેય નહિ (D) તસ્માનસાગર અને દક્ષિણ સાગર

**037. સીમા તેના પતિ અજય કરતાં 6 વર્ષ નાની છે. અને અજય તેની દિકરી ઋતા કરતા 5 ગણો મોટો છે. જો ઋતાની ઉંમર 3 વર્ષ પહેલાં 3 વર્ષ હોય તો, સીમાની હાલની ઉંમર કેટલી હશે?**

(A) 35 (B) 34 (C) 39 (D) 40

**038. ભોરઘાટ કયા આવેલો છે ?**

(A) હિમાલય (B) દાર્જીલગ (C) પશ્ચિમઘાટ (D) તિબેટ

**039. 'ગિલોટીન' શું છે ?**

(A) બંને ગૃહોમાં ખરડો રજૂ કરવાની પ્રક્રિયા
(B) ખરડા પર મતદાનનો સમય નક્કી કરી ચર્ચાને ટકાવવાની પ્રવૃતિ
(C) રાષ્ટ્રપતિ દ્વારા ખરડો પસાર કર્યા વગર વટહુકમ જાહેર કરવો
(D) ખરડા પર સીધુ મતદાન કરાવવું

**040. નીચે દર્શાવેલ વિકલ્પો પૈકી કયા વિકલ્પ સાચો નથી?**

(A) ડાંગ જિલ્લો – બરડીપાડાનું અભ્યારણ (B) જામનગર જિલ્લો – ગાગા અભ્યારણ
(C) રાજકોટ જિલ્લો – હીંગોળગઢનું અભ્યારણ (D) અમરેલી જિલ્લો – રામપુરા અભ્યારણ

**041. છોકરાઓની આડી લાઈનમાં શ્રીનાથ ડાબેથી 7 મો છે. અને વેંકટ જમણેથી 12 મો છે. જો તેમની સ્થિતિ બદલવામાં આવે તો શ્રીનાથ ડાબેથી 22 મો આવે છે તો તે લાઈનમાં કેટલા છોકરાઓ છે ?**

(A) 19 (B) 31 (C) 33 (D) 34

**042. સાબરમતી ખંભાતના અખાતને મળે છે ત્યાં રચાતા પટને__________ની ખાડી કહેવાય છે.**

(A) સુવાલી (B) કોપાલી (C) ખારીસરી (D) લાણાસરી

**043. તસ્કર ખાતર પાડવા, ગયા વણિકને દ્વાર, ત્યહાં ભીંત તૂટી પડી, ચોર દબાયા ચાર. – આપેલ પંક્તિ માટે યોગ્ય છંદ ઓળખાવો.**

(A) હરિગીત (B) ચોપાઈ (C) સવૈયા (D) દોહરો

**044. નીચેનામાંથી કોનો સમાવેશ 'સાતપુડા પર્વતમાળા'માં થાય છે?**

(A) રાજપીપળાની ટેકરીઓ (B) છોટા ઉદેપુરની ટેકરીઓ
(C) સાપુતારા ડુંગર (D) સોનગઢનો ડુંગર

**045. What is the feminine of "Drone" ?**

(A) Droness (B) Drones (C) Bee (D) Drane

**046. ગુજરાતમાં તાંબુ, સીસુ, જસત કયા વિસ્તારમાંથી મળે છે?**

(A) આબુ ડુંગર (B) છોટા ઉદેપુર (C) આરાસુર ડુંગરો (D) રાજપીપળાના ડુંગરો

**047. સર્વોચ્ચ અદાલતે કયા કેસમાં ચુકાદો આપ્યો કે–"ભારતીય બંધારણનો આધાર મૂળભૂત અધિકાર અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના સંતુલન પર રહેલો છે"**

(A) ગોલકનાથ કેસ (B) કેશવાનંદ ભારતી કેસ (C) મિનર્વા મિલ્સ કેસ (D) મેનકા ગાંધી કેસ

**048. યાદી-I ની સાથે યાદી-IIનો સાચો જવાબ પસંદ કરી યાદીની નીચે આપેલ ચાર વિકલ્પો પૈકી એક વિકલ્પ પસંદ કરો.**

| **યાદી-I** | **યાદી-II** |
|---|---|
| **I. નાણાં આયોગ** | **(a) અનુચ્છેદ - 280** |
| **II. નિયંત્રણ અને મહાલેખા પરિક્ષક** | **(b) અનુચ્છેદ - 148** |
| **III. અનુસુચિત જાતિઓ માટેનું રાષ્ટ્રીય આયોગ** | **(c) અનુચ્છેદ - 338** |

(A) I - a, II - b, III - c (B) I - a, II - c, III - b (C) I - a, II - b, III - c (D) I - c, II - a, III - b

**049. વિરુદ્ધાર્થી શબ્દની અયોગ્ય જોડ પસંદ કરો.**

(A) ધરતી – આકાશ (B) જિહ્વા – રસના (C) સુવાળું – બરછટ (D) દરિદ્ર – અમીર

**050. ભારતીય બંધારણમાં બંદી પ્રત્યક્ષીકરણ રીટ બહાર કાઢવાની સત્તા કોની પાસે છે ?**
(A) જિલ્લા ન્યાયાલય (B) ફક્ત હાઈકોર્ટ (C) ફક્ત સુપ્રિમ કોર્ટ (D) હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટ બન્ને

**051. A synonym for PROHIBIT**
(A) Forbid (B) Forfeit (C) Forsake (D) Forbear

**052. બે નળથી એક ટાંકી ભરાતા અનુક્રમે 10 અને 8 કલાક લાગે છે. ત્રીજા નળ દ્વારા ટાંકી ખાલી થતા 15 કલાક લાગે છે તો જો તમામ નળ એક સાથે ચાલું કરવામાં આવે તો ટાંકી ભરાતાં કેટલો સમય લાગે?**
(A) 30 કલાક (B) $3\frac{3}{6}$ કલાક (C) $6\frac{6}{19}$ કલાક (D) 15 કલાક

**053. '<u>હસીહસીને</u> તે બેવડ વળી ગયો' – રેખાંકિત શબ્દનો કૃદંતનો પ્રકાર જણાવો.**
(A) વર્તમાન કૃદંત (B) ભવિષ્ય કૃદંત (C) સબંધક ભૂતકૃદંત (D) ભૂતકૃદંત

**054. બળવંતરાય મહેતા સમિતિ અનુસાર, જિલ્લા કલેકટર ........**
(A) જિલ્લા પંચાયતમાંથી બહાર રાખવા જોઈએ.
(B) જિલ્લા પંચાયતમાં મત ન આપનારા સભ્ય હોવા જોઈએ.
(C) જિલ્લા પંચાયતમાં મત આપવાનો હક્ક ધરાવતા સભ્ય હોવા જોઈએ.
(D) જિલ્લા પંચાયતના અધ્યક્ષ હોવા જોઈએ.

**055. 'મારે મન ગ્રામસભા જ ગામની લોકશાહી છે.' આમ કોણે કહ્યું છે ?**
(A) જવાહરલાલ નહેરુ (B) ગાંધીજી (C) સરદાર પટેલ (D) જયપ્રકાશ નારાયણ

**056. નીચેનામાંથી કઈ સંખ્યા પ્રાકૃતિક સંખ્યાનો વર્ગ ન જ હોય ?**
(A) 32761 (B) 81225 (C) 42437 (D) 20164

**057. કયા બંધારણીય સુધારાથી મહિલાઓ માટે ગ્રામ પંચાયતની 33 ટકા બેઠકો અનામત રાખવામાં આવે છે?**
(A) 72માં (B) 73માં (C) 92માં (D) 101માં

**058. 'Planned Economy for India' નામનું પુસ્તક કોણે લખ્યું હતું ?**
(A) જવાહરલાલ નહેરુ (B) બાબાસાહેબ આંબેડકર (C) એમ.વિશ્વેશ્વરૈયા (D) પ્રો. વી.એમ.દાંડેકર

**059. નીચેનામાંથી ખોટી જોડણી પસંદ કરો.**
(A) ભૂલામણી (B) ઊર્મિ (C) જિલ્લો (D) પ્રકીર્ણ

**060. Fill in the blank :_______much water _______ I add to the curry?**
(A) how, should (B) who, should (C) what, should (D) which, would

**061. 'વિશ્વ સિંહ દિવસ' કયારે ઉજવવામાં આવે છે ?**
(A) 12 ઓગસ્ટ (B) 10 ઓગસ્ટ (C) 9 ઓગસ્ટ (D) 8 ઓગસ્ટ

**062. પ્રવાહીને એક પાત્રમાંથી બીજા પાત્રમાં રેડતાં શું જોવા મળે છે?**
(A) તેનાં આકાર અને કદ બદલાય છે.
(B) તેનો આકાર બદલાય છે, પરંતુ કદ બદલાતું નથી.
(C) તેનું કદ બદલાય છે, પરંતુ આકાર બદલાતો નથી.
(D) તેના આકાર અને કદમાં ફેરફાર થતો નથી.

**063. યોગ્ય જોડકાં જોડો.**

| | |
|---|---|
| **(1) કદ** | **(a) પાસ્કલ** |
| **(2) દળ** | **(b) મીટર$^3$** |
| **(3) દબાણ** | **(c) કિલોગ્રામ** |
| **(4) ઘનતા** | **(d) કિલોગ્રામ પ્રતિમીટર$^3$** |

(A) 1-a, 2-b, 3-c, 4-d (B) 1-b, 2-d, 3-a, 4-c (C) 1-c, 2-a, 3-b, 4-d (D) 1-b, 2-c, 3-a, 4-d

**064. નીચે આપેલા શબ્દનો સમાનાર્થી શબ્દ જણાવો.**
**'અનિરુદ્ધ' –**
(A) રોકાયેલું (B) આદિરહિત (C) અનામિષ (D) નહીં ઈચ્છેલું

**065. 'મોન્ટ્રીયલ પ્રોટોકોલ' કઈ બાબાત સાથે સંકળાયેલ છે ?**
(A) ગ્લોબલ વર્મીગની ચકાસણી કરવી
(B) ઓઝોનની આડઅસરો તપાસવી
(C) ગ્લોબલ વર્મીગ અને ઓઝોનની અસરો તપાસવી
(D) બાયોડાયવરસીટીની રક્ષણ કરવું

**066. Fill in the blanks: What _________ to Phil? He said he _________ here at eight o'clock.**
(A) might have happened / will be
(B) should have happened / has been
(C) may happen / will have been
(D) can have happened / would be

**067. 'હુંય પ્રથમ વર્ગમાં પાસ થઈશ જોજો' આ વાકયમાં નિપાત જણાવો.**
(A) ય (B) માં (C) શ (D) A અને C બંને

068. એક વ્યક્તિ રૂ.5000/- પ્રત્યેકના તે પ્રમાણે બે મોબાઈલ વેચે છે. તેમાં એકમાં તેને 50% ફાયદો થાય છે અને બીજામાં 25% નુકશાન થાય છે તો આ વ્યવહારમાં તેને કેટલો ફાયદો અથવા કેટલું નુકશાન થશે ?
(A) 25% ફાયદો (B) 25% નુકશાન (C) ન ફાયદો ન નુકશાન (D) અપૂરતી માહિતી

069. Choose correct option.
Mr Patel said to the police man, "Let me park my scooter here." (Change into Indirect Speech)
(A) Mr Patel requested the police man to let him park his scooter there.
(B) Mr Patel ordered the police man to park their scooter here.
(C) Mr Patel asked the police man if I could park my scooter here.
(D) Mr Patel suggested the police man that he should park my scooter there.

070. ગુજરાતી સાહિત્યકાર મહેન્દ્રસિંહ પરમારનું જન્મ સ્થળ જણાવો.
(A) નલિયા (B) ખંભરા (C) કુકણા (D) અમદાવાદ

071. Choose the correct meaning of the idiom : Apple-pie order
(A) A sweet manner (B) bring out the secret (C) break the stick (D) extreme neatness

072. એ, માં, ઉપર, પર કઈ વિભકિત માટેના પ્રત્યયો છે ?
(A) કરણ વિભકિત (B) અપાદાન વિભકિત (C) સંબોધન વિભકિત (D) અધિકરણ વિભકિત

073. Give the noun of 'permit'
(A) permissible (B) permission (C) permitted (D) permision

074. મનહરના દાદાએ જમીનમાં મૂડીરોકાણ કરેલું – રેખાંકિત શબ્દનો સમાસ જણાવો.
(A) મધ્યમપદલોપી (B) તત્પુરુષ (C) કર્મધારય (D) દ્વન્દ્વ

075. Choose the correct article : __________ sun sheds his beams on the rich and the poor alike.
(A) A (B) An (C) The (D) No Article

076. વિનોદ કાર દ્વારા 420 km ની મુસાફરી 5 hr. 15 min. માં પૂરી કરે છે. પ્રથમ 1/4 અંતર 60 km/hrની ઝડપે કાપે છે. બાકીનું અંતર કઈ ઝડપે કાપ્યું હશે ?
(A) 90 km/hr (B) 105 km/hr. (C) 100 km/hr. (D) 85 km/hr

077. 'છે મતવાલી, નથી નમાલી, નવા લોહીની લાલી' – અલંકાર ઓળખાવો.
(A) પ્રાસસાંકળી (B) વર્ણાનુપ્રાસ (C) સજીવારોપણ (D) યમક

078. Fill in the blank : "Why are _____ here ? Are _____ in trouble ?" asked the girls in the headmaster's office.
(A) us, us (B) we, us (C) us, we (D) we, we

079. નીચેમાંથી દ્વિરુકિત શબ્દ જણાવો.
(A) ભેળસેળ (B) ટનટન (C) ખદબદ (D) રણઝણ

080. Fill in the blank: We are going to wait at the bus stop _____ the rain stops.
(A) because (B) despite (C) unless (D) until

081. નીચે પૈકી કયો શબ્દ વિકારી સંજ્ઞા દર્શાવે છે ?
(A) એક (B) કરુણ (C) નટખટ (D) નખરાળું

082. Which is the correct spelling?
(A) bureaucracy (B) bueracracy (C) buraucracy (D) bureacracy

083. નીચે આપેલ વાકયનું કર્તરિ વાકયમાં રૂપાંતર કરો.
'બધા એકમેકને મીઠાઈ ખવડાવે છે.'
(A) બધાથી એકમેકને મીઠાઈ ખવડાવાય છે. (B) બધા મીઠાઈ ખાય છે.
(C) બધાંથી મીઠાઈ ખવાય છે. (D) બધાંથી મીઠાઈ અપાય છે.

084. Select proper question tag : Hayley's your best friend! You should come to her party,
(A) shouldn't you? (B) isn't she? (C) should you? (D) Will you ?

085. 'મહેર ચડવું' – રૂઢિપ્રયોગનો યોગ્ય અર્થ આપો.
(A) થાંભલા પર ચડવું (B) આજીજી કરવી (C) દેવાળું હોવું (D) સામ સામે સ્પર્ધામાં ઉતરવું

086. Fill in the blank: ______ 2000, I have been a college student.
(A) On (B) Since (C) To (D) For

087. 'ઘોડા, બળદ વગેરેને ખાવા માટે અપાતું અનાજ' – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.
(A) ગમાણ (B) જોગણ (C) પેગડું (D) દળી

088. Select the correct adjective: He writes meaningless letters.
(A) Writes (B) meaningless (C) letters (D) he

**089. ભારત સરકાર દ્વારા આપવામાં આવતો 'જ્ઞાનપીઠ પુરસ્કાર'માં કયા પરિવાર દ્વારા દાનની રકમ આપવામાં આવે છે ?**
(A) સાહુ જૈન પરિવાર (B) સાહુ બૌધ પરિવાર (C) કવિ નર્મદ પરિવાર (D) નરસિંહ મહેતા પરિવાર

**090. 'VVPAT' નું પૂરું નામ જણાવો.**
(A) Voter Verified Paper Audit Trail (B) Voter Verifiable Paper Audit Trail
(C) Voter Verification Paper Audit Trail (D) Voter Verified Paper Audit Trail

**091. નીચે આપેલ રમત પૈકી કઈ રમતમાં સૌથી વધારે ખેલાડીઓ હોય છે ?**
(A) રગ્બી ફૂટબોલ (B) લેક્રોસ (C) વોટર પોલો (D) સોકર

**092. રમત–ગમત ક્ષેત્રે આપવામાં આવતો રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ (મેજર ધ્યાનચંદ્ર ખેલ રત્ન એવોર્ડ) સૌપ્રથમ કોને આપવામાં આવ્યો હતો.**
(A) વિશ્વનાથ આનંદ (B) ગીત સેથી (C) લિઅન્ડર પેસ (D) પુષ્પેન્દ્ર કુમાર ગર્ગ

**093. સમરસ ગ્રામ પંચાયત યોજનાની શરૂઆત કયારે કરવામાં આવી હતી ?**
(A) વર્ષ 2001 (B) વર્ષ 2004 (C) વર્ષ 2008 (D) વર્ષ 2005

**094. ગ્રામ્ય વિસ્તારમાં વસતા ઘર વિહોણા કુટુંબોને પાકું મકાન આપવા સરદાર પટેલ આવાસ યોજના અંતર્ગત કેટલી સહાય આપવામાં આવે છે ?**
(A) રૂા. 1,20,000 (B) રૂા. 45,000 (C) રૂા. 90,000 (D) રૂા. 2,50,000

**095. તાજેતરમાં કયા રાજયમાં 'હસ્ત કલા નીતિ 2022' ને મંજૂરી આપવામાં આવી છે.**
(A) રાજસ્થાન (B) આસામ (C) ઓડિશા (D) ગુજરાત

**096. તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા રાષ્ટ્રીય સ્તરે 'ટેક ગુરુ એવોર્ડ' આપવાની જાહેરાત કરી?**
(A) ગુજરાત યુનિવર્સિટી (B) વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી
(C) ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (D) ગુજરાત વિદ્યાદીપ યુનિવર્સિટી

**097. તાજેતરમાં નીતિ આયોગ (Niti Ayog) દ્વારા કયા વર્ષ સુધીમાં ભારતના દરેક રાજયોમાં નીતી આયોગ જેવી સંસ્થાઓની સ્થાપના કરવામાં આવશે?**
(A) વર્ષ 2030 (B) વર્ષ 2047 (C) વર્ષ 2050 (D) વર્ષ 2070

**098. માનવ વિકાસ રિપોર્ટ (HDR) અનુસાર માનવવિકાસ સૂચકાંકમાં ભારતનો ક્રમ વર્ષ 2020 માં 130 થી ઘટીને વર્ષ 2021 માં કેટલો થયો છે?**
(A) 133 (B) 134 (C) 132 (D) 131

**099. તાજેતરમાં _________ રાજ્યમાં ભારતની પ્રથમ ફોરેસ્ટ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવશે.**
(A) તેલંગાણા (B) ઉત્તરાખંડ (C) મણિપુર (D) મધ્યપ્રદેશ

**100. નીચેની શ્રેણીમાં એક સંખ્યા બંધ બેસતી નથી તે કઈ છે ?**
**125, 126, 124, 127, 123, 129**
(A)126 (B) 124 (C) 123 (D) 129

**• BEST OF LUCK •**

| JR. CLERK/TALATI MOCK TEST - 1 ( ANS KEY ) | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| NO | ANS | NO | ANS | NO | ANS | NO | ANS |
| 1 | D | 26 | C | 51 | A | 76 | A |
| 2 | B | 27 | C | 52 | C | 77 | D |
| 3 | D | 28 | B | 53 | C | 78 | D |
| 4 | A | 29 | A | 54 | D | 79 | A |
| 5 | A | 30 | B | 55 | D | 80 | D |
| 6 | C | 31 | A | 56 | C | 81 | D |
| 7 | B | 32 | D | 57 | B | 82 | A |
| 8 | B | 33 | A | 58 | C | 83 | B |
| 9 | A | 34 | B | 59 | A | 84 | A |
| 10 | C | 35 | B | 60 | A | 85 | D |
| 11 | C | 36 | A | 61 | B | 86 | B |
| 12 | D | 37 | B | 62 | B | 87 | B |
| 13 | C | 38 | C | 63 | D | 88 | B |
| 14 | A | 39 | B | 64 | A | 89 | A |
| 15 | A | 40 | D | 65 | B | 90 | B |
| 16 | B | 41 | C | 66 | D | 91 | A |
| 17 | C | 42 | B | 67 | A | 92 | A |
| 18 | D | 43 | D | 68 | C | 93 | A |
| 19 | B | 44 | A | 69 | A | 94 | B |
| 20 | B | 45 | C | 70 | A | 95 | A |
| 21 | A | 46 | C | 71 | D | 96 | C |
| 22 | B | 47 | C | 72 | D | 97 | B |
| 23 | B | 48 | A | 73 | B | 98 | C |
| 24 | A | 49 | B | 74 | A | 99 | A |
| 25 | B | 50 | D | 75 | C | 100 | D |